# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*******************************************************

- ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતરરાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર વહેંચાતી ચીજો પર કડક નજર રાખવા આદેશ આપ્યો.
- રાજસ્થાનમાં લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. રાજસ્થાનમાં કોંગ્રેસના કુલ 113 નેતાઓ આજે ભારતીય જનતા પક્ષમાં જોડાઇ ગયા.
- સરકારે કહ્યું છે કે દવાઓમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવા અંગેના મીડિયાના અહેવાલો ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે.
- દિલ્હી અદાલતે આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહને કેટલીક શરતો સાથે જામીન પર છોડ્યા છે.
- તાઇવાનમાં આજે આવેલા ધરતીકંપમાં 7 જણાંના મોત અને 700થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તાઇવાનમાં ધરતીકંપને કારણે થયેલી જાનહાનિ બદલ ઉંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW-EC---LAW---ORDER

ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર ધોરણે દારૂ, રોકડ નાણાં, માદક પદાર્થો, શસ્ત્રો અને મફતમાં વહેંચાતી ચીજો પર કડક નજર રાખવાનો આદેશ આપ્યો છે. ચૂંટણીપંચે 2024માં સામાન્ય ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ તેમજ ન્યાયી રીતે હાથ ધરવા માટે શક્ય તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

ચૂંટણી પંચે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક કરી હતી. પછી નિવેદનમાં ચૂંટણીપંચે કહ્યું કે સંયુક્ત ધોરણે સમીક્ષા કરવાનો હેતુ બધા જ સંબંધિત વિભાગો તેમજ સલામતી સંસ્થાઓના અધિકારીઓ અને સરહદોની સુરક્ષા સંભાળતી સલામતી સંસ્થાઓ વચ્ચે સુસંકલન અને સહકાર સાધવાનો હતો.

આ બેઠકના અધ્યક્ષસ્થાને મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર તેમજ ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુ હતા. આ પ્રસંગે રાજીવ કુમારે મુક્ત અને નિષ્પક્ષપણે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવાના ચૂંટણી પંચનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. રાજીવકુમારે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ જરા પણ ડર વગર કરી શકે તે જોવાનો બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આદેશ આપ્યો. આ બેઠક દરમિયાન અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ જેવા પડકાર સમા રાજ્યોમાં ચૂંટણી ટુકડીઓને લાવવા લઇ જવામાં મદદરૂપ થવા ભારતીય હવાઇદળ અને રાજ્ય નાગરિક ઉડ્ડયન વિભાગના સાથ સહકારની પણ સમીક્ષા કરી. ખાસ કરીને છત્તીસગઢ તેમજ જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોમાં રાજકીય કાર્તકર્તાઓ

અને ઉમેદવારોની ધાક-ધમકીથી સુરક્ષા માટે તેમની પૂરતી સલામતી વ્યવસ્થા  કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .

## BSP-THIRD-LIST

બહુજન સમાજ પાર્ટી- BSP એ 2024ની લોકસભા ચૂંટણી માટે તેના ઉમેદવારોની ત્રીજી યાદી બહાર પાડી છે. BSPની આ યાદીમાં 12 ઉમેદવારોના નામ સામેલ છે. તેમાં મથુરાથી  સુરેશ સિંહ, કમલકાંત ઉપમન્યુની જગ્યાએ ચૂંટણી લડશે. જ્યારે લખનૌથી ભાજપના ઉમેદવાર રક્ષા મંત્રી રાજનાથ સિંહ સામે સરવર મલિક ચૂંટણી લડશે.

આ સાથે, BSPએ ઉત્તરપ્રદેશની કુલ 80 સંસદીય બેઠકોમાંથી 37 બેઠકો માટે તેના ઉમેદવારો જાહેર કર્યા છે.

ગાઝિયાબાદથી નંદ કિશોર પુંડિર, અલીગઢથી હિતેન્દ્ર કુમાર, મૈનપુરીથી ગુલશન દેવ શાક્ય, ખેરીથી અંશય કાલરા રોકી, ઉન્નાવથી રોકીજીને ટિકિટ આપવામાં આવી છે. અશોક કુમાર પાંડે, મનોજ પ્રધાન મોહનલાલગંજથી,  ઈમરાન બિન ઝફર  કન્નૌજથી , કૌશામ્બીથી શુભ નારાયણ, લાલગંજથી ઈન્દુ ચૌધરી અને મિર્ઝાપુર બેઠક પરથી મનીષ ત્રિપાઠી ચૂંટણી લડશે.

. . . . . . . . . . . .

## BIHAR-PM-RALLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારમાં જમુઇથી લોકસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ચૂંટણી અભિયાનની ઔપચારિક શરૂઆત કરશે.

શ્રી મોદી જમુઇ જિલ્લાના ખૈડાના બલ્લોપુરમાં એક જનસભાને સંબોધિત કરશે. બેઠકમાં મુખ્યમંત્રી મુકેશ કુમાર ઉપરાંત પક્ષના નેતા અને એનડીએના ઉમેદવાર પણ ઉપસ્થિત રહેશે.

એનડીએમાં ભાજપની સાથે બેઠકના સમજોતામાં ચિરાગ પાસવાનના નેતૃત્વવાળી લોકજનશક્તિ પાર્ટીએ જમુઇ બેઠક યથાવત રાખી છે. શ્રી પાસવાને તેમના બનેવી અરૂણ ભારતીને  આ ચૂંટણી ક્ષેત્રથી મેદાનમાં ઉતાર્યા છે. જેમણે 2014 અને 2019માં બે વાર આ બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું છે.

. . . . . . . . . . . .

# PM-NaMo-App-RALLY

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભાજપના કાર્યકરોનો ઉત્સાહ જોઇને વિપક્ષના નેતાઓ હતાશ થઇ ગયા છે.  તેમણે પોતાના પક્ષના કાર્યકરોને બધા જૂના મતદાન રેકોર્ડ તોડવાના સંકલ્પ સાથે કામ કરવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું કે દરેક કાર્યકરે પોતે ભાજપનો ચહેરો હોવાને કારણે પોતાની આજુબાજુના વિકાસ વિષે જાગૃત રહેવું જોઇએ.

નરેન્દ્ર મોદીએ આજે નમો એપના માધ્યમથી એક ડિજીટલ રેલીને સંબોધન કર્યું. તેમણે દરેક મતદાન કેન્દ્ર પર વિક્રમ સમાન વિજય મેળવવા માટે બુથસ્તરે યોગ્ય અને ઉત્કૃષ્ટ તૈયારી કરવાનું કહ્યું. આ ડિજીટલ રેલીમાં ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કામાં મતદાન થવાનું છે. તે સંભલ, બદાયું, બરેલી, આંવલા, એટા, હાથરસ વગેરે મતવિસ્તારોના કાર્યકરો જોડાયા હતા.

નરેન્દ્ર મોદીએ બધા જ બુથ સ્તરના કાર્યકરોને મતદારોને ભાજપના આદર્શો અને સંસ્કૃતિની સાથે સાથે પોતાની વિનમ્રતાથી પણ પ્રભાવિત કરવાનો આગ્રહ કર્યો. તેમણે કાર્યકરોને પોતાના કામ કે વર્તનથી કોઇને દુ:ખ કે ઠેસ નહીં પહોંચાડવાનો આગ્રહ કર્યો.

. . . . . . . . . . . .

# RAJASTHAN-SECOND-PHASE-NOMINATION

રાજસ્થાનમાં લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. ભાજપ  કોંગ્રેસના ઘણાં વરિષ્ઠ નેતાઓએ આજે પોતાનાં ઉમેદવારીપત્ર ભર્યા.

ભાજપના વરિષ્ઠ નેતા કોટાના ઉમેદવાર ઓમ બિરલાએ પોતાનું ઉમેદવારીપત્ર ભરતા પહેલાં વિશાળ જાહેરસભાને સંબોધન કર્યું. એ સભામાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઉપરાંત અનેક વરિષ્ઠ નેતાઓએ સંબોધન કર્યું.

કોંગ્રેસના ભીલવાડાના ઉમેદવાર સી.પી.જોશી, બારમેરના ઉમેદવાર ઉમેદરામ બેનીવાલ, તેમજ ઘણાં નેતાઓએ ઉમેદવારીપત્ર ભર્યા અને જાહેરસભાનું આયોજનલ કરી રહ્યાં છે.

. . . . . . . . . . . .

## RAJASTHAN-BJP

રાજસ્થાનમાં કોંગ્રેસના કુલ 113 નેતાઓ આજે ભારતીય જનતા પક્ષમાં જોડાઇ ગયા. તેમાં ભાજપમાં બળવો કરીને ચૂંટણી લડી હતી, તેવા ભૂતપૂર્વ સંસદ સભ્યો, વિધાનસભ્યો અને નેતાઓને સમાવેશ થાય છે.

કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ હનુમાનગઢના શંકર પન્નુ, પીલાનીના ભૂતપૂર્વ કોંગ્રેસ વિધાનસભ્ય જે.પી.ચંડેલિયા, જે.જે.પીના ભૂતપૂર્વ રાજ્ય ઉપાધ્યક્ષ અને ભૂતપૂર્વ વિધાનસભ્ય નંદકિશોર મહારિયા રાજસ્થાનના ભાજપના સહકારભારી વિજય રાહતકરની હાજરીમાં જયપુરમાં ભાજપના મુખ્યમથકમાં પક્ષમાં જોડાઇ ગયા.

. . . . . . . . . . .

## GOVT---MEDICINE

સરકારે કહ્યું છે કે દવાઓમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવા અંગેના મીડિયાના અહેવાલો ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે કહ્યું કે આ અહેવાલોમાં ભાવવધારાની અસર 500થી વધારે દવાઓ પર થશે, એવો દાવો  કરવામાં આવ્યો છે. મંત્રાલયે કહ્યું કે આ અહેવાલો તદ્દન ખોટા, ગેરમાર્ગે દોરનારા અને બદઇરાદાપૂર્ણ છે.

ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળના રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ્સ કિંમત સત્તામંડળ –NPPA જથ્થાબંધ ભાવાંકને આધારે શિડ્યુલ્ડ દવાઓના ભાવની ટોચ મર્યાદા દર વર્ષે ફરી તપાસે છે.

મંત્રાલયે જણાવ્યું કે 782 દવાઓની હાલની કિંમતની ટોચ મર્યાદામાં કોઇ ફેરફાર નહીં થાય, જ્યારે 54 દવાઓની કિંમતમાં એક પૈસાનો નજીવો વધારો કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# SANJAY-SINGH-BAIL

દિલ્હી અદાલતે આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહને શરાબ નીતિ આબકારી જકાત ગોટાળા કૌભાંડ સંબંધે  પુરાવાઓ સાથે ચેડાં નહીં કરવાનો તેમજ સાક્ષીઓ પર પોતાની વગ વાપરીને તેમને ડરાવી-ધમકાવીને તેમને પોતાના પ્રભાવ હેઠળ નહીં લાવવાનો આદેશ આપ્યો છે.

આજે તિહાડ જેલમાંથી તેમને જામીન પર છોટવાનો આદેશ આપતાં પહેલાં વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ આવો આદેશ આપ્યો.

સુપ્રીમકોર્ટે સંજય સિંહના ગઇકાલે જામની મંજૂર રાખ્યા હતા. ગયા વર્ષના ઓક્ટોબર મહિનામાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ન્યાયાધીશ કાવેરી બાવેજાએ રાજ્યસભાના સાંસદ સંજય સિંહને તેમનો પાસપોર્ટ જમા કરાવવાનો દિલ્હી એનસીઆર છોડતાં પહેલાં તેમના સમગ્ર કાર્યક્રમની પૂરી માહિતી જણાવવાનો તેમજ તેમના ફોનનું લોકેશન હંમેશા ઓન રાખવાનો પણ આદેશ આપ્યો છે.

સંજયસિંહના વકીલે અદાલતને જણાવ્યું હતું કે સંજયસિંહ સંસદ સભ્ય છે, તેથી તેઓ ભાગી છૂટે તેવો ભય નથી. અદાલતે આરોપી સંજય સિંહને બે લાખ રૂપિયાના જાત મુચરકા અને એટલી જ રકમ જામીનરૂપે જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

સંજયસિંહના વકીલે અદાલતને  એમ પણ કહ્યું કે સંજયસિંહના પત્ની આ કેસમાં આરોપીના જામીન હશે.

. . . . . . . . . . . .

# EVE.-TAIWAN-EARTHQUAKE

**તાઈવાનમાં આજે આવેલા 7.4ની તીવ્રતાના ભૂકંપમાં લગભગ 7 લોકોના મોત અને 700થી વધુ  લોકો ઇજાગ્રસ્ત થયા  છે. ભૂકંપના આંચકા બાદ સુનામીની ચેતવણી પણ  આપવામાં આવી હતી..**

**ભૂકંપનું કેન્દ્રબિંદુ  તાઈવાનના હુઆલીન શહેરથી 18 કિલોમીટર દક્ષિણમાં સમુદ્રમાં લગભગ 19 કિલોમીટરની ઊંડાઈમાં નોંધાયું  હતું. તાઈપેઈના ભૂકંપ વિગ્નાન કેન્દ્રના જણાવ્યા પ્રમાણે તાઇવાન અને દરિયાકાંઠાના વિસ્તારોમાં  છેલ્લા 25 વર્ષ દરમિયાન આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. પ્રારંભિક અહેવાલો અનુસાર, ભૂકંપના કારણે હુઆલીન શહેરમાં ઘણી ઇમારતો ધરાશાયી થઈ હતી અને નુકસાન થયું**

**હતું. જ્યારે દક્ષિણ જાપાનમાં સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જાપાનના યોનાગુની ટાપુ પર 30 સેમી ઊંચા મોજા નોંધાયા હતા.**

**દરમિયાન ભારત તાઇપેઇ સંગઠને આ સમયમાં કોઇ પણ પ્રકારની મદદ માટે ઇમરજન્સી હેલ્પલાઇન નંબર શરૂ કર્યો છે. સંગઠને તાઇવાનમાં રહેતાં ભારતીય નાગરિકોને સ્થાનિક સત્તાવાળા દ્વારા આપવામાં આવતી સલાહનું પાલન કરવા જણાવ્યું છે.**

. . . . . . . . . . . .

# PM---TAIWAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તાઇવાનમાં ધરતીકંપને કારણે થયેલી જાનહાની બદલ દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મિડીયા પરની પોસ્ટમાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત મુશ્કેલીના આ સમયમાં તાઇવાનના લોકો સાથે ખભે ખભો મિલાવીને ઉભું છે. પ્રધાનમંત્રીએ આ ધરતીકંપમાં ઇજા પામેલા લોકો ઝડપથી સાજા થઇ જાય તેવી પણ કામના કરી છે.

. . . . . . . . . . . .

# RAJNATH--ELECTION-RALLY--GHAZIABAD

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે ભારત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ટોચના પાંચ અર્થતંત્ર ધરાવતા દેશોની યાદીમાં સામેલ થઇ ગયું છે અને 2027 સુધીમાં ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર બનવા માટે તૈયાર છે.

આજે ગાઝિયાબાદમાં ચૂંટણી રેલીને સંબોધતાં તેમણે કહ્યું કે ભારત 2047 સુધીમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. તેમણે કહ્યું કે ભારતીય જનતાપક્ષ દેશને એ દિશામાં આગળ ધપાવવા માટે વચનબદ્ધ છે. તેમણે કહ્યું કે છેલ્લા 9 વર્ષમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવી ગયા છે.

. . . . . . . . . . . .